# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

**************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે.**
2. **પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ બિહારના મુઝફ્ફરપુરમાં ચૂંટણી સભા સંબોધી**
3. **સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘ આજે મલેશિયા જવા રવાના થશે**
4. **દક્ષિણ કૉરિયામાં ચીનના રાષ્ટ્રપ્રમુખ સાથે મુલાકાત બાદ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે ચીન પર વેરો ઘટાડવાની જાહેરાત કરી.**
5. **ICC મહિલા ક્રિકેટ વિશ્વકપની બીજી સેમિ-ફાઈનલમાં આજે ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે નવી મુંબઈમાં મુકાબલો.**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવશે.

શ્રી મોદી સાંજે એકતાનગરમાં એક હજાર 140 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમજ 25 ઇલેક્ટ્રિક બસને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવશે.

આવતીકાલે તેઓ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે સ્ટૅચ્યૂ ઑફ યુનિટી ખાતે સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પણ કરશે, અને રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે. ત્યારબાદ, શ્રી મોદી આરંભ 7.0 અંતર્ગત 100માં કૉમન ફાઉન્ડૅશન કૉર્સના અધિકારી તાલીમાર્થીઓ સાથે સંવાદ કરશે.

આજે સાંજે શરૂ થઈ રહેલા વિવિધ વિકાસકાર્યો થકી એકતાનગર પરિસરમાં ઇકો-ટૂરિઝમ, હરિત પરિવહન, આધુનિક માળખાકીય સુવિધા અને આદિવાસી વિકાસને પ્રોત્સાહન મળશે. વધુ માહિતી અમારાં સંવાદદાતા પાસેથી.

**(V/C- APARNA KHUNT)**

*(...આજે ઉદ્ઘાટન થનારા પ્રોજેક્ટ્સમાં રાજપીપળામાં બિરસા મુંડા આદિવાસી યુનિવર્સિટીનો શુભારંભ; ગરુડેશ્વરમાં હોસ્પિટાલિટી ડિસ્ટ્રિક્ટના પ્રથમ તબક્કાનું લોકાર્પણ, વામન વૃક્ષ વાટિકા; સાતપુડા*

*પ્રોટેક્શન વોલ; ઇ-બસ ચાર્જિંગ ડેપો, નર્મદા ઘાટ વિસ્તાર; કૌશલ્યા પથના લોકાર્પણ સહિતના પ્રોજેક્ક્સ સામેલ છે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી 367 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર ભારતના રજવાડાઓના સંગ્રહાલય; સહિત વીર બાલક ઉદ્યાન; રમતગમત સંકુલ; વર્ષા વન પ્રોજેક્ટ; શૂલપાણેશ્વર ઘાટ નજીક જેટી વિકાસ; સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ટ્રાવલેટર્સ સહિત વિભિન્ન પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કરશે. આ કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી સરદાર પટેલની**150**મી જન્મજયંતિ નિમિત્તે એક ખાસ સ્મારક સિક્કાનું અને ટપાલ ટિકિટનું પણ અનાવરણ કરશે. આવતીકાલે શ્રી મોદી એકતા દિવસની ઉજવણી અંતર્ગત એકતા દિવસની પ્રતિજ્ઞા લેવડાવશે અને એકતા દિવસ પરેડનું નિરીક્ષણ કરશે. આ વખતે યોજનારી એકતા દિવસ પરેડમાં બી એસ એફ, સી આઈ સે એફ આઈ ટી બી પી સહિતના સુરક્ષા દળો ઉપરાંત નવ રાજ્યો પણ ભાગ લેશે રાજયોની સિદ્ધિઓ દર્શાવતા 10 ટેબલોઝ રજૂ કરાશે*

*અપર્ણા ખૂંટ//આકાશવાણી સમાચાર //અમદાવાદ*

---------------------------------------------------

## SHAH UNITY DAY (EARLY)

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે આવતીકાલે ગુજરાતના કેવડિયામાં એક ભવ્ય એકતા પરેડ યોજાશે. બિહારના પટણામાં પત્રકાર પરિષદને સંબોધતા શ્રી શાહે કહ્યું, આ પરેડ નવી દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસે યોજાતી પરેડ જેવી જ હશે.**

## (BYTE: AMIT SHAH)

**શ્રી શાહે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે એકતા નગરમાં યોજાતી આ પરેડનું નિરીક્ષણ કરશે. જેમાં કેન્દ્રીય સશસ્ત્ર અર્ધલશ્કરી દળો ઉપરાંત, રાજ્ય પોલીસ દળો અને દેશભરના કલાકારો ભાગ લેશે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM MODI BIHAR

બિહારમાં વિધાનસભા ચૂંટણીને લઈ તમામ રાજકીય પક્ષ પૂરજોશમાં પ્રચાર કરી રહ્યા છે. રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન – **NDA** અને મહાગઠબંધન બંનેના અગ્રણી પ્રચારક તથા વરિષ્ઠ નેતાઓ મતદારોને આકર્ષવા વિવિધ ચૂંટણી સભાઓ કરી રહ્યા છે. પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ આજે બિહારના મુઝફ્ફરપુરમાં ચૂંટણી સભા સંબોધી. દરમિયાન તેમણે રાષ્ટ્રીય જનતા દળ – **RJD** અને કૉંગ્રેસ પર પ્રહાર કર્યા હતા.

**(BYTE: PM NARENDRA MODI)**

હવે શ્રી મોદી આજે છપરામાં બીજી ચૂંટણી સભા સંબોધશે. બીજી તરફ, મહાગઠબંધનના મુખ્યમંત્રી પદના ઉમેદવાર અને **RJD**ના નેતા તેજસ્વી પ્રસાદ યાદવ આજે 10 ચૂંટણી સભા સંબોધશે. જેમ જેમ મતદાનનો પ્રથમ તબક્કો નજીક આવી રહ્યો છે, તેમ તેમ વિવિધ પક્ષના નેતાઓ વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપનો દોર તેજ બની રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, બિહારમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં 121 બેઠક માટે આગામી છ નવેમ્બરે મતદાન થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN**/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## MYGS LAUNCH

સરકાર આજે નવી દિલ્હીમાં આદર્શ યુવા ગ્રામ સભા – **MYGS** પહેલનો શુભારંભ કરશે. આ કાર્યક્રમ દરમિયાન **MYGS** પર એક તાલીમ માળખા અને **MYGS** પૉર્ટલનું પણ અનાવરણ કરાશે. પંચાયતીરાજ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું, આ પહેલનો ઉદ્દેશ લોકભાગીદારીને મજબૂત કરવી અને વિદ્યાર્થીઓને ગ્રામસભા સત્રોમાં સામેલ કરીને સહભાગી વહીવટી તંત્રને પ્રોત્સાહન આપવાનો છે. મંત્રાલયે વધુમાં જણાવ્યું, દેશભરની એક હજારથી વધુ શાળામાં આ પહેલની શરૂઆત કરાશે.

કેન્દ્રીય પંચાયતીરાજ રાજ્યમંત્રી પ્રૉફેસર સત્યપાલ-સિંહ બઘેલ અને આદિવાસી બાબતોના રાજ્યમંત્રી દુર્ગાદાસ ઉઈકે આ કાર્યક્રમમાં ઉપસ્થિત

રહેશે. આ પહેલ પંચાયતીરાજ મંત્રાલય, શિક્ષણ મંત્રાલય અને આદિવાસી બાબતોના મંત્રાલયનો એક સંયુક્ત પ્રયાસ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RAJNATH MALAYSIA VISIT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘ આજે મલેશિયાના બે દિવસના પ્રવાસ માટે રવાના થશે, જ્યાં તેઓ આ શનિવારે યોજાનારા આસિયાન અને ભાગીદાર દેશના સંરક્ષણ મંત્રીઓના સંમેલન – **A.D.M.N.** પ્લસમાં ભાગ લેશે.

સોશિયલ મીડિયા સંદેશમાં સંરક્ષણ મંત્રીએ કહ્યું, સંમેલનનો ઉદ્દેશ આસિયાનના સભ્ય દેશ અને ભારત વચ્ચે સંરક્ષણ અને સુરક્ષા ભાગીદારી મજબૂત કરવી અને ઍક્ટ ઇસ્ટ નીતિને આગળ વધારવાનો છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા મુજબ, આ પ્રવાસ દરમિયાન શ્રી સિંઘ આસિયાનના સભ્ય અને ભાગીદાર દેશના સંરક્ષણ મંત્રીઓ તથા મલેશિયાના ઉચ્ચ નેતૃત્વ સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરી શકે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GST REFORM APPAREL FOOTWEAR

કેન્દ્ર સરકાર દ્વારા ગત 22 સપ્ટેમ્બરે અનેક ક્ષેત્રમાં વસ્તુ અને સેવા કર – **GST** દરમાં ઘટાડા સાથે **GST** બચત ઉત્સવનો શુભારંભ કરાયો છે. આજે અમારા સંવાદદાતા વસ્ત્રો અને પગરખાં ક્ષેત્રમાં નવા **GST** દરથી નાગરિકોને કઈ રીતે લાભ થઈ રહ્યો છે. તેની પર એક અહેવાલ લઈને આવ્યા છે.

**(V/C- PRAVESH ADIACHA)**

*(.... આગામી પેઢીના **GST** સુધારાઓએ વસ્ત્રો અને પગરખા ક્ષેત્રને મોટી રાહત આપી છે. યુવા ઉત્પાદકો પરનો બોજ હળવો કરવાના હેતુથી કરાયેલા આ સુધારાઓએ ઉત્પાદનને વધુ ખર્ચ-અસરકારક બનાવ્યું છે. નવા કર માળખા હેઠળ, તૈયાર કપડા પર પ્રતિ નંગ 2 હજાર 500 રૂપિયા સુધીના **GST**ને ઘટાડીને પાંચ ટકા કરાયો છે. તેનાથી નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં સ્થાનિક માગ વધી છે. આ જ રીતે માનવસર્જિત સૂતર પરના કર દર 12 ટકાથી ઘટાડીને પાંચ ટકા કરાતા આયાત પર નિર્ભરતા ઓછી અને નિકાસ વધી છે. ઉપરાંત બે હજાર 500 રૂપિયા સુધીના પગરખા પર 12ની જગ્યાએ પાંચ ટકા **GST** દર લાગતા ગ્રાહકોને લાભ થયો છે.*

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TRUMP TARIFF CHINA

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે કહ્યું, ચીન પર લગાવવામાં આવેલા 57 ટકાના ટૅરિફ એટલે કે વેરાને ઘટાડીને 47 ટકા કરાશે. દક્ષિણ કૉરિયાના બુસાન શહેરમાં ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ સાથે થયેલી બેઠક બાદ શ્રી ટ્રમ્પે આ જાહેરાત કરી. તેમણે કહ્યું, ચીન હવે તાત્કાલિક અમેરિકાથી સોયાબિનની ખરીદી શરૂ કરશે.

શ્રી ટ્રમ્પે કહ્યું, ચીન સાથે "રૅયર અર્થ એટલે કે, દુર્લભ પૃથ્વી ધાતુ"ના મુદ્દાનું પણ નિવારણ લવાયું છે અને હવે તેની નિકાસમાં કોઈ અડચણ નહીં આવે. શ્રી ટ્રમ્પે કહ્યું, ચીન પર ફૅન્ટેનાઇલ ટૅરિફને 20 ટકાથી ઘટાડીને 10 ટકા કરવા પર સંમતિ સધાઈ છે.

ઉલ્લેખનીય છે કે, દક્ષિણ કૉરિયાના બુસાનમાં ઍશિયા-પ્રશાંત આર્થિક સહકાર શિખર સંમેલન દરમિયાન ગિમ્હે આંતર-રાષ્ટ્રીય વિમાનમથક પર ચીન અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે મુલાકાત કરી. છ વર્ષ બાદ બંને નેતા વચ્ચે થયેલી મુલાકાતમાં તેમણે એક કલાક 40 મિનિટ સુધી વાતચીત કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SHARE MARKET

અમેરિકાની વ્યાજદરોમાં ઘટાડાની જાહેરાતના પગલે વૈશ્વિક બજારોના મિશ્ર વલણને કારણે ભારતીયે શેરબજારમાં કડાકો જોવા મળ્યો હતો.. ત્રણસો પોઇન્ટથી વધુના કડાકા સાથે આજે શેરબજાર ખુલ્યુ હતું.

આ ઘટાડા 400 અઁક સુધી પહોંચ્યો હતો.. આઇટી, નાણાકિય સંસ્થાઓ અને મેટલના ક્ષેત્રના શેરોમાં વેચવાલી જોવા મળી હતી..

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## REV WOMEN CRICKET

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ – ICC મહિલા એક દિવસીય ક્રિકેટ વિશ્વકપની બીજી સેમિ-ફાઈનલમાં આજે ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે મૅચ રમાશે. નવી મુંબઈના ડૉક્ટર ડી. વાય. પાટિલ રમતગમત અકાદમીમાં બપોરે ત્રણ વાગ્યાથી આ મૅચ શરૂ થશે. આકાશવાણી બપોરે અઢી વાગ્યાથી મૅચનું અંગ્રેજી અને હિન્દી બંનેમાં સીધું પ્રસારણ કરશે.

આ પહેલા, દક્ષિણ આફ્રિકા ગઈકાલે ઇંગ્લૅન્ડને સૅમિ-ફાઈનલની પહેલી મૅચમાં 125 રનથી હરાવી ફાઈનલમાં પહોંચ્યું છે. પહેલા બૅટિંગ કરીને દક્ષિણ આફ્રિકાની ટીમે નિર્ધારિત 50 ઑવરમાં સાત વિકેટ ગુમાવી 319 રન બનાવ્યા. જવાબમાં ઇંગ્લૅન્ડ 42 ઑવર ત્રણ બૉલમાં 194 રન પર આઉટ થઈ ગયું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# CP RADHAKRISHNAN VISIT

ઉપ-રાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને આજે સ્વાતંત્ર્ય સેનાની પસુમ્પોન મુથુરામલિંગરનને તેમની 118-મી જયંતી નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .